**<u>પ્રેસનોટ – તા.૨૫/૦૮/૨૦૨૨</u>**

**<u>અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ ભયજનક ઇસમ સામે પાસા અધિનિયમ મુજબ કાર્યવાહી કરી જેલના સળીયા પાછળ ધકેલ્યો</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં જાણીતા ગુનેગારો અને અસામાજીક તત્વો તથા ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ ઇસમો સામે પાસા અને તડીપારના કાયદા હેઠળ અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય, અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં શરીર સબંધી ગુન્હાઓ કરવાની ટેવ વાળા માથાભારે ભયજનક ઇસમો સામે કડક હાથે કાર્યવાહી કરવા અને આવા ગુનેગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદૃઢ બને, તે માટે પાસા-તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી** નાઓ દ્વારા શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા **ભયજનક ઇસમ** છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળા, ઉ.વ.૩૨, રહે. અમરેલી, હનુમાનપરા, સત્યનારાયણ સોસાયટી, તા.જિ.અમરેલી વાળા વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષકશ્રી અમરેલીનાઓ મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમરેલીનાઓ તરફ મોકલી આપેલ.

આવા ભયજનક ઇસમની સમાજ વિરોધી અસામાજિક પ્રવૃતિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં **અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી સાહેબ** નાઓએ ભયજનક ઇસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઇસ્યુ કરતાં, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના મુજબ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમે** છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળાને પાસા વોરંટની બજવણી કરી, **પાલરા, સ્પેશ્યલ જેલ, કચ્છ- ભુજ** ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

**<u>❧ ભયજનક ઇસમ છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળાનો ગુનાહિત ઇતિહાસઃ-</u>**

ભયજનક ઇસમ છત્રપાલ ચંદ્રકિશોરભાઇ વાળા વિરૂધ્ધ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન નીચે મુજબના ગુન્હાઓ નોંધાયેલ છે.

(૧) અમરેલી રૂરલ પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૨૦૪૩૧/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.
(૨) અમરેલી રૂરલ પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૨૦૬૦૧/૨૦૨૨, ઇ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨) મુજબ
(૩) અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૩૨૧૦૬૩૦/૨૦૨૧, ઇ.પી.કો. કલમ ૩૮૪, ૩૮૭, ૫૦૪, ૫૦૬(૨) મુજબ
(૪) અમરેલી સીટી પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૦૩૨૦૧૪૮૦/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.
(૫) રાજુલા પો.સ્ટે. બી પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૩૦૫૦૨૦૧૫૧૫/૨૦૨૦, ઇ.પી.કો. કલમ ૨૭૯ તથા એમ.વી.એક્ટ કલમ ૧૮૪, ૧૩૪ મુજબ.
(૬) રાજુલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૬૫/૨૦૧૯, ઇ.પી.કો. કલમ ૪૫૨, ૪૨૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ.

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**ની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.

**<u>પ્રેસનોટ – તા.૨૬/૦૮/૨૦૨૨</u>**

**<u>નાગેશ્રી પો.સ્ટે. વિસ્તારના ટીંબી ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ ઇસમોને રોકડ રકમ, મોબાઇલ ફોન સહિત કુલ કિં.રૂ. ૮૭,૭૪૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી</u>**

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાંથી દારૂ-જુગારની બદી દુર કરવા પ્રોહી-જુગારના કેસો કરવા અંગે **સ્પેશ્યલ ડ્રાઇવ**નું આયોજન કરેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** તથા **ઇ.ચા.પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ આ ડ્રાઇવ દરમ્યાન જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર વોચ ગોઠવી, તેમના ઉપર સફળ રેઇડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હતું.

ગઇ કાલ તા. ૨૫/૦૮/૨૦૨૨ ના રોજ નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી.ટીમ** ને બાતમી રાહે હકીકત મળેલ કે, નાગેશ્રી પો.સ્ટે. વિસ્તારના ટીંબી ગામે, મસ્જીદ ચોકમાં અમુક ઇસમો પૈસા પાના વડે હાર જીતનો જુગાર રમે છે, તેવી ચોક્કસ બાતમી આધારે **એલ.સી.બી.ટીમે** બાતમી વાળી જગ્યાએ રેઇડ કરતાં જાહેરમાં જુગાર રમતાં કુલ **પાંચ ઇસમો**ને રોકડ રકમ, મોબાઇલ ફોન અને જુગારના સાહિત્ય સાથે ઝડપી લીધેલ તેમજ રેઇડ દરમયાન એક ઇસમ નાસી ગયેલ હોય, જે ઇસમો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી **નાગેશ્રી પોલીસ સ્ટેશન** માં સોંપી આપેલ છે.

➡ **<u>જુગાર રમતા પકડાયેલ ઇસમોઃ-</u>**

(૧) માંડણભાઇ કાનાભાઇ સોલંકી, ઉ.વ.૩૮, રહે.વડલી, તા.જાફરાબાદ, જિ. અમરેલી.

(૨) સફીકભાઇ નાથાભાઇ લાખાણી, ઉ.વ.૩૬, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૩) મુસ્તુફાભાઇ જાફરભાઇ આરબ, ઉ.વ.૪૪, રહે.વઢેરા, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૪) ફીરોઝભાઇ હસનભાઇ લાખાણી, ઉ.વ.૫૩, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

(૫) રસીદભાઇ અલારખભાઇ સરવૈયા, ઉ.વ.૩૮, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➡ **<u>પકડવાનો બાકી આરોપીઃ-</u>**

(૬) સલીમભાઇ જમાલભાઇ મુસેત્રા, રહે.ટીંબી, તા.જાફરાબાદ, જિ.અમરેલી.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

રોકડા રૂ.૪૧,૭૪૦/- તથા મોબાઇલ ફોન નંગ – ૬ કિં.રૂ.૪૬,૦૦૦/- તથા ગંજીપત્તાના પાના નંગ-૫૨, કિં.રૂ.૦૦/- મળી **કુલ કિં.રૂ.૮૭,૭૪૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** તથા **ઇ.ચા.પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.